# ધી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત

શ્રી એસ.કે.શાહ અને શ્રી કુષ્ણ ઓ.એમ.આર્ટ્સ કોલેજ,મોડાસા, શ્રી એન.એસ.પટેલ લો કોલેજ,મોડાસા, સર પી.ટી. સાયન્સ કોલેજ,મોડાસા,
બી.ડી.શાહ કોલેજ ઓફ એજ્યુકેશન,મોડાસા.
કોલેજ કેમ્પસ, ધનસુરા રોડ, મોડાસા જી.અરવલ્લી – ૩૮૩૩૧૫
વેબસાઇડ એડ્રેસ : **www.mlgandhimodasa.org**

## ઉમેદવાર માટે અગત્યની સુચના

૧) આપેલ પ્રશ્નપત્રમાં કુલ ૨૦૦ પ્રશ્નો છે, જેનો ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૧૨૦ મિનિટ્નો રહેશે.

૨) પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C, D, E** પૈકી કોઈ એક છે.

3) ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે **OMR** ઉત્તરપત્રકમાં વિકલ્પ **E** આપેલ છે.

૪) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજીયાત છે.

૫)પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહિ.
- જવાબચાવી (**Answer Key**) ફાઈનલ કરતી વખતે જો મંડળ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (૧) ગુણ મળવાપાત્ર થશે.

૬) ઉમેદવારે વાદળી/કાળી બોલ પોઈન્ટર પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.

૭) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઇલ ફોન, પેજર, કેલ્કયુલેટર બ્લુટુથ, સ્માર્ટવોચ કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે. તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૮) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવુ કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

૯) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

૧૦)પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર, ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સૂચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

૧૨) પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરીપત્રક પોતાનો ફોટો ચોટાડી સાથે અચુક લાવવાનો રહેશે, અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૧૩) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેકશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્ર ની ઓરીજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

૧૪) નિર્ધારીત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેંદ્ર ખાતે હાજર થવાનું રહેશે.

૧૫) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલક્યુલેટર, પેનડ્રાઇવ સી.ડી. વગેરે જેવા કોઇ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૬) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી

૧૭) ઉમેદવારે પરીક્ષાખંડમાં મોબાઈલ લાવવાનો રહેશે નહી.

૧૮) ચેતવણી:- સંસ્થા દ્વારા થઇ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઇપણ જાતની ભલામણ,લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરાશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

૧૯) વિશેષ સુચના:- ઉમેદવારોને લાંચ રુશ્વત/લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

૨૦) પરીક્ષાનું માળખું તારીખ અને સમય તથા અન્ય સૂચનાઓ મંડળની વેબસાઈટ **http://www.mlgandhimodasa.org** પર મુકવામાં આવશે.

૨૧) જુનિ.કલાર્ક અને લેબ.આસિ. પાટ -૧ પરિક્ષામાં ઉર્તિણ થયેલ મિરીટ અનુસાર ૧:૧૦ અનુસાર ઉમેદવાર ને કોલ લેટર **RPAD** ધ્વારા મોકલવા માં આવશે.

૨૨) **Subject to Modasa Judication**

તા. ૩૦/૧૨/૨૦૨૩

પ્રમુખશ્રી / માનદમંત્રી
ધી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા